ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૨૭ ટકા

# ગાંધીનગરે વીર શહીદ જવાનો પ્રત્યે વ્યકત કરી સંવેદના

ગાંધીનગર, તા.૧૫

ફરી એકવાર સમગ્ર રાષ્ટ્ર હચમચી ઉઠયું છે, દેશભરમાં આંતકવાદીઓ પ્રત્યે આક્રોશ સાથે હુમલામાં શહીદ થયેલા વીર જવાનોના પરિવારો માટે દેશવાસીઓની સંવેદના ઉમટી રહી છે. ઠેર ઠેર શહીદોને શ્રધ્ધાંજલિ માટે કેન્ડલ માર્ચ સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સમગ્ર દેશ વીર શહીદ જવાનોના પરિવારો સાથે એક થઈને ઉભો છે. ગાંધીનગરમાં પણ વિવિધ સંસ્થાઓ અને સંગઠનો દ્વારા આંતકી હુમલામાં શહીદ થયેલા બહાદુર જવાનોને શ્રધ્ધાસુમન અર્પણ કરવાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શહેરીજનો આંખમાં આંસુ અને હાથમાં કેન્ડલ સાથે સંવેદના વ્યકત કરી રહ્યા છે આ સાથે શહેરમાં મૌન પાળીને શહીદોને ભાવાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમો પણ યોજાયા હતા.

● સરકારી વિજ્ઞાન કોલેજ, સે-૧૫

સેકટર-૧૫ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજના પટાંગણમાં આજે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે કોલેજના અધ્યાપક અને કર્મચારી પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમમાં શહીદોના માનમાં બે મિનિટ મૌન પાળવામાં આવ્યું હતું અને શહીદોના આત્માની સદગતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

● સહયોગ મંડળ ગાંધીનગર

જમ્મુ કાશ્મીરના પુલવામામાં ખાતે આતંકી હુમલામાં શહીદ જવાનો માટે સી.સી. કાઉન્સિલ, જુ.સિ. કાઉન્સીલ અને સહયોગ મંડળના હોદેદારોએ સિવિલ હોસ્પિટલમાં શ્રધ્ધાંજલિ આપી હતી. જેમાં ડી.એમ. પરમાર, વી.પી. પ્રજાપતિ, જયેન્દ્ર પરીખ, મોતીભાઈ ચૌધરી વગેરે હાજર રહ્યા હતા.

● ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ

જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલામાં જવાનો શહિદ થયા હતા. આ દર્દનાક ઘટના સંદર્ભે વીર જવાનોને શ્રધ્ધાંજલિ આપવા માટે લેકાવાડા સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ પરિવાર દ્વારા સવારે ૨ મિનિટનું મૌન પાળી પ્રાર્થના કરવામાં આવી હતી.

● ગાયત્રી પરિવાર ટ્રસ્ટ

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા પુલવામામાં શહિદ જવાનો માટે શ્રધ્ધાંજલિ અને શાંતિ પ્રાર્થનાનું આયોજન કરાયું હતું. જેમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને વીર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

● કિશોર કલાસીસ

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં શહીદ થયલા જવાનોને કિશોર કલાસીસના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ દ્વારા મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. કિશોરસિંહ રાજપૂત અને અજયરાજસિંહે હુમલાને દર્દનાક કૃત્ય ગણાવી આતંકીઓને પાઠ ભણાવવા કહ્યું હતું. વિદ્યાર્થીઓમાં પણ આતંકવાદનો જડમૂળથી સફાયો થવો જોઈએ તેવો સૂર ઉઠયો હતો.

● નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળા









નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળા દ્વારા આતંકવાદી વિરોધી રેલી કાઢવામાં આવી હતી અને આતંકવાદી પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના તમામ બાળકો તથા ગ્રામજનોએ ભાગ લઈ વિરોધ પ્રદર્શન કર્યો હતો.

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ

કાશ્મીરના પુલવામામાં શહિદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ હતી. સાંજે ઘ-૪ સર્કલ નજીક મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. સૂર્યસિંહ ડાભી સહિત મોટી સંખ્યામાં નેતાઓ જોડાયા હતા.

● બહુજન સમાજ પાર્ટી

ગાંધીનગર જિલ્લા બહુજન સમાજ પાર્ટી દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો જેના ભાગરૂપે ઘ-૪ સર્કલ નજીક કેન્ડલ માર્ચ પણ કાઢવામાં આવી હતી.

● સંસ્કૃતિ ઈવેન્ટસ ગાંધીનગર

પુલવામાં જિલ્લામાં શહીદ થયેલા જવાનોની ઘટના અત્યંત દુઃખદ છે. ત્યારે સંસ્કૃતિ ઈવેન્ટસ દ્વારા આજે ઘ-૪ સર્કલ નજીક શ્રધ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.

● ચાણકય કિડસ સ્કૂલ

ચાણકય કિડસ સ્કૂલ સે-૨ ગાંધીનગર દ્વારા સંસ્થા તથા બાળકો દ્વારા દેશના શહિદ જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી અને ભગવાન તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શકિત અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

● ગાંધીનગર જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેના

જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં શહિદ જવાનો માટે ગાંધીનગર ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા શ્રધ્ધાંજલિ રૂપે કેન્ડલ માર્ચ યોજાઈ હતી. સાંજે ઘ-૪ સર્કલ પાસે મોટી સંખ્યામાં ગાંધીનગર કલોલ, માણસા અને દહેગામના ઠાકોર સેનાના કાર્યકરો હાજર રહ્યા હતા અને જવાનોને શ્રધ્ધાંજલિ અર્પી હતી.

● બજરંગ દળ

બજરંગ દળ ગાંધીનગર દ્વારા કાશ્મીરમાં શહિદ થનાર વીર સપૂતોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં બજરંગદળના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

● આનંદ લાફીંગ કલબ

આનંદ લાફીંગ કલબના સેકટર-૭ના વડીલોએ પણ બે મિનિટ મૌન પાળી શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ પાઠવી હતી.

● એનઆઈસીએમ - એસજેપીઆઈ એમબીએ કોલેજ

પુલવામા માં બનેલ દુઃખદ આતંકિત ઘટનાને પગલે શહેરના પ્રવેશદ્વાર ચ-૦ સર્કલ નજીક સ્થિત એનઆઈસીએમ - એસજેપીઆઈ એમબીએ કોલેજના પટાંગણમાં કોલેજના તમામ કર્મચારીગણ તથા વિદ્યાર્થીઓએ એકત્ર થઈ શહીદવીર જવાનોના માનમાં મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સાથે પોતાના જીવન પર્યંત યથાશકિત દેશ માટે જે કાંઈ પણ બની શકે તે કરી છુટવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેકટર ડૉ. બી.કે. નિર્મલ સહિત તમામ અધ્યાપકગણ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

● ઈન્ફોસિટી ખાતે એક શાંતિ રેલી

પુલવામા ખાતે થયેલા આતંકી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના જવાનોને શ્રદ્ધાંજલી અર્પવા હેતુ ઈન્ફોસિટી ખાતે એક શાંતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. નીઓ પોલિટન પીઝા દ્વારા આરંભાયેલી આ રેલીમાં સ્વૈચ્છિક રીતે ઈન્ફોસિટીના વેપારીઓ તથા સ્થાનિક નાગરિકો જોડાયા હતા. આસપાસના વિસ્તારોમાં ફર્યા બાદ સહુએ જવાનોની શ્રદ્ધાંજલી અર્થે સમૂહપ્રાર્થના કરી હતી.



## @ગાંધીનગર

● ગાંધીનગરના સેકટર-૭-બી ઘ-૨ સર્કલ પાસે પ્લોટ નં. ૪૬૮/૧ ખાતે સાધનાબેનના નિવાસસ્થાને આનંદનો ગરબો મધુબેન કડીકરના કંઠે યોજાશે.

## આજે ગાંધીનગરમાં ભરતી મેળો

ગાંધીનગર, તા.૧૫

જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા રોજગાર ભરતી અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે બલરામ મંદિર પરિસર હોલ, કલેકટર કચેરીની સામે, સેકટર-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, આઈ.ટી.આઈ. (તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર એવા કોપા, બી.કોમ, બીસીએ ઉમેદવારો ભાગ લઈ શકશે. આ ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે રાખીને ભરતીના સ્થળે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## કડી સર્વ વિદ્યાલય દ્વારા શૈક્ષણિક પરિસંવાદનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયન બ્રહ્માણી કૃપા હોલ ખાતે એક દિવસીય શૈક્ષણિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિસંવાદનો વિષય 'શિક્ષણના વર્તમાન પડકારો અને સમાધાન' રાખવામાં આવ્યો છે. જેમાં શહેરની વિવિધ શાળાઓના આચાર્ય તેમજ શિક્ષકો મોટી સંખ્યામાં આ પરિસંવાદમાં ભાગ લેશે. આ સેમિનારના અધ્યક્ષ તરીકે કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત મુખ્ય વકતા તરીકે શિક્ષણ, સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના રાષ્ટ્રીય સચિવ અતુલભાઈ કોઠારી, બાળ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના પૂર્વ કુલપતિ હર્ષદભાઈ શાહ, ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરતસિંહ વાઢેર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નાયબ નિયામક અવનીબા મોરી ઉપસ્થિત રહેશે.

## જીવ કલ્યાણ સંસ્થાની બેઠક ૧૭મીએ

જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માહે ફેબ્રુઆરી ૨૦૧૯ની બેઠક તા. ૧૭મીના રોજ સાંજે સાડા ચાર વાગે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ મહારાષ્ટ્ર ભવનની સામે યોજવામાં આવેલ છે તેમ બી.ડી. શર્મા મંત્રીશ્રી જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરે જણાવેલ છે.

## કોર્પોરેશન બેંક ઓફીસર્સ દ્વારા શાળામાં સ્ટેશનરી વિતરણ

ગાંધીનગર, તા.૧૫

કોર્પોરેશન બેંક ઓફિસર્સ દ્વારા વિકાસ એજયુકશન ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી ભૂપેન્દ્રભાઈ જાનીના સહકારથી સે-૨૮ સ્થિત સમર્પણ મુક બધિર શિશુ વિદ્યામંદિર ખાતે શાળાના વિદ્યાર્થીઓને કંપાસ, નોટબુક, સ્લેટનું વિતરણ તથા સંસ્થા માટે બ્લેકબોર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે શૈક્ષણિક કાર્ય તેમજ સમાજ સેવા કરતા જગદીશભાઈ દરજીનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. કેશાભાઈ મગનભાઈ રાઠોડ, ઉ.વ. ૬૫
- સ્વ. છોગારામ ભીમાજી દમાઝી, ઉ.વ. ૭૩
- સ્વ. ચંપાબેન બુધાજી સોલંકી, ઉ.વ. ૪૫



ગાંધીનગર જિલ્લાને ટીબી મુકત કરવા જિલ્લા ક્ષય વિભાગ દ્વારા કમર કસવામાં આવી છે જે અંતર્ગત શહેરના એસ.ટી.ડેપો ખાતેના વર્કશોપમાં ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વર્કશોપના કર્મચારીઓનું સ્કીનીંગ કરવામાં આવ્યું હતું અને કર્મચારીઓને ટીબીના રોગના લક્ષણોથી માંડીને નિદાન સારવાર સહિતની તમામ માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ૮૦થી વધુ કર્મચારીઓ તથા વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. જિલ્લા ક્ષય કેન્દ્રના કેયુર જયસ્વાલ, નીતિન પટેલ, કુમાર રાઠોડ, મનિષા પટેલ અને સે-૨૪ અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા તેજસ્વી તારલા સન્માન સમારંભ

ગાંધીનગર, તા.૧૫

સંત રોહિદાસ સેવા સમાજ દ્વારા રોહિદાસજીની ૬૪૨મી જન્મજયંતિ નિમિત્તે ૩૨મો તેજસ્વી તારલા સન્માન સમારંભ તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ યોજાશે. આ નિમિત્તે સવારે ૭.૧૫ કલાકે મંગળા આરતી, ૮ કલાકે શોભાયાત્રા અને ૨ કલાકે ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરથી સવારે શોભાયાત્રાનું પ્રસ્થાન થશે. રાત્રે ૮.૩૦ કલાકે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સમાજબંધુ તથા જાહેર જનતાને સહપરિવાર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# જમિયતપુરા રેલવે ટ્રેક પર એક મહિલા કપાઈ ગઈ

## ટ્રેનના ટાયર નીચે ચગદાઈ ગયેલી મહિલાના શરીરનાં બે ટુકડા થઈ ગયા

ગાંધીનગર, તા.૧૫

અડાલજ નજીક આવેલા જમીયતપુરાનું પાસેથી પસાર થતી રેલવે ટ્રેક પરથી મોડી રાત્રે આશરે ૩૦ થી ૩૫ વર્ષની મહિલાનો બે ટુકડા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ અજાણી મહિલાનું ટ્રેનની ટક્કરે મૃત્યુ થઈ ગયું હોવાનુ જાણવા મળ્યું છે. ધસમસતી જતી ટ્રેનની નીચે આવી ગયેલી આ મહિલાના શરીરના બે ટુકડા થઈ ગયા હતા. ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતક મહિલાની ઓળખ માટે તથા ઘટના કેવી રીતે સર્જાઈ તે સહિતની વિગતો બહાર લાવવા માટે તપાસ શરૂ કરી છે.

જમિયતપુરા ગામ પાસેથી પસાર થતી રેલવે ટ્રેક પરથી રાત્રે પોણા એક વાગ્યાના અરસામાં આશરે ૩૦ થી ૩૫ વર્ષની અજાણી મહિલાનો બે ટુકડા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને આ મામલે જાણ થતા અડાલજ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે રેલવે ટ્રેક પરથી પસાર થતી ટ્રેન નીચે આવી જતા આ બિનવારસી મહિલાના બે ટુકડા થઈ ગયા હતા. અડાલજ પોલીસે મૃતદેહના બંને ટુકડા ઉપડાવીને હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા. મૃતક મહિલા કોણ છે તે જાણવા પોલીસે તપાસ શરૂ કરી પરંતુ તેની પાસેથી તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતા કે આસપાસથી તેનું જાણીતું પણ કોઈ મળી આવ્યું ન હતું. આ ઘટના કેવી રીતે સર્જાય તે ઉપરાંત આ મહિલા કોણ છે તે સહિતની તપાસ માટે અડાલજ પોલીસે તજવીજ શરૂ કરી છે. શરીરે પાતળા બાંધાની, રંગે ઘઉંવર્ણની આ બિનવારસી મહિલાની જમણી આંખની બાજુમાં બે કાળા તલ છે અને શરીરે ગુલાબી ફૂલ ભાત વાળી ડિઝાઈનની સાડી પહેરેલી છે. અડાલજ પોલીસે આ બિનવારસી મહિલાની ઓળખ માટે ઉંડી તપાસ શરુ કરી છે. જોકે મોડી સાંજ સુધી તેની ઓળખ થઈ શકી ન હતી.

## સંસ્કાર ગૃપ શહીદોને શ્રધ્ધાંજલિ આપશે

ગાંધીનગર, તા.૧૫

સંસ્કાર ગૃપ દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ બાળકો દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરાશે તથા જ્ઞાન ગમ્મતની રમતો રમાશે. કાર્યક્રમની શરૂઆત સાંજે ૫.૪૫ કલાકે સે-૭ના બગીચા ખાતે કરવામાં આવશે.

# વીર જવાનોને સોશીયલ મીડીયાની શ્રધ્ધાંજલિ

## સોશિયલ મીડીયામાં બીજી અન્ય પોસ્ટથી દૂર રહી ફકત શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પી : દેશભરના લોકોનો આક્રોશ વ્યકત થયો

ગાંધીનગર, તા.૧૫

જમ્મુ-કાશ્મીરના પુલવામાં થયેલા આતંકી હુમલામાં ૪૪ જવાનો શહીદ થયાના દુઃખ ભર્યા સમાચારે લોકમાનસ ઉપર જબરદસ્ત આઘાત ઉભો કર્યો છે. જેના પ્રતિભાવો હાલ સોશીયલ મીડીયામાં વ્યકત થઈ રહ્યા છે. દેશનો પ્રત્યેક નાગરિક આ દુઃખદ ઘટનાને વખોડી નાખી શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ સોશીયલ મીડીયામાં આપી રહ્યો છે. સોશીયલ મીડીયામાં મજાક મસ્તી કે અન્ય પોસ્ટથી દૂર રહી ઉપભોકતાઓએ દેશદાઝ અને દેશપ્રમ વ્યકત કરી ફકત શહીદ જવાનો પ્રત્યે પોતાની સહાનુભૂતિ જ વ્યકત કરી હતી જે દેશની એકતા અને અખંડિતતાનું જવલંત ઉદાહરણ બન્યું છે.

દેશના સુરક્ષા બળોના કાફલ ઉપર કરેલા આતંકી હુમલામાં ભારતમાતાના ૪૪ જેટલા વીર સપૂતો શહીદ થયાના સમાચાર પલકવારમાં સોશીયલ મીડીયામાં વહેતા થઈ ગયા હતા. સમગ્ર દેશના સશીયલ મીડીયા ઉપભોકતાઓએ અન્ય બીજી પોસ્ટ બંધ કરી દેશના વીર શહીદ જવાનો પ્રત્યે શ્રધ્ધાંજલિનો ધોધ વહાવી દેશપ્રેમ વ્યકત કર્યો હતો. સોશીયલ મીડીયામા ઉપભોકતાઓએ ભારે આક્રોશ સાથે આ ઘટનાને વખોડી નાખી પાકિસ્તાન પ્રેરિત આવા તત્વોને સબક મળવો જોઈએ તેવી લાગણી પણ વ્યકત કરી હતી. દેશનો પ્રત્યેક નાગરિક આવી ઘટનાઓ ન બને તે માટે જવાબદારોને સખતમાં સખત પગલા લેવા જણાવી રહ્યો હોવાનું પણ આ માધ્યમથી જણાવી રહ્યો છે.

શહીદ જવાનોના પરિવાર પ્રત્યે પણ સહાનુભૂતિ વ્યકત કરી દેશના નેશનલ ડીફેન્સ ફંડમાં પોતાનું યથાયોગ્ય દાન આપી પોતાની ફરજ અદા કરવાનું દરેક જણને આ માધ્યમથી કહેવાઈ રહ્યું છે. શહીદ જવાનોના ફોટા સાથ શેર થતી દરેક પોસ્ટમાં વિવિધતા સાથે શ્રધ્ધાસુમન અર્પણ થઈ રહ્યા છે. દેશના નાગરિકો પોતાના ઘરે અને વ્યવસાયિક સ્થળોએ સુરક્ષિત રહી શકે તે હેતુસર પોતાની જીંદગીના જોખમે ફરજ બજાવતા સુરક્ષા બળો માટે પ્રત્યેક નાગરીકની હમદર્દી સોશીયલ મીડીયા થકી સ્પષ્ટ વર્તાઈ રહી છે જે ભવિષ્ય માટે એક જન આંદોલનનું સ્વરૂપ લઈ દેશની અખંડિતતાને બરકરાર રાખશે તેવું સોશીયલ મીડીયામાં થઈ રહેલી પ્રવૃત્તિ ઉપરથી લાગી રહ્યું છે.

